૨૦૫

# જાહેરનામુ

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ક્રમાંક:-

## ગ/ઉપક/૪૮૫/૨૦૧૬ તા:-૨૯-૦૯-૨૦૧૬

આગામી નવરાત્રી અને દશેરાના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ આવતા જતા રાહદારીઓ અને વાહનોમાં જતા આવતા ઇસમોને રોકી બળજબરીથી પૈસા ઉઘરાવવાની તથા નવરાત્રીની ઉજવણી દરમ્યાન જાહેર ત્રાસ-દાયક કૃત્યોથી લોકોને અડચણ, ત્રાસ અથવા ઇજા થવાની અથવા જાહેર સુલેહ શાંતીનો ભંગ થવાની તથા બખેડો કે હુલ્લડ થવાની પ્રબળ શક્યતા રહે છે. અને તેમ થતુ અટકાવવુ જરૂરી હોવાથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ પગલા લેવા માટેના પુરતા કારણો અસ્તિત્વમાં હોવાનુ મારૂ માનવુ છે.

તેથી હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છુ કે,

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં <u>તા:-૦૧/૧૦/૨૦૧૬ થી તા:-૧૧/૧૦/૨૦૧૬</u> દરમ્યાન કોઇપણ વ્યક્તિએ કોઇપણ જાહેર જગ્યાએ આવતા જતા રાહદારીઓ કે વાહનોમાં જતા આવતા શખ્સો યા ઇસમો પાસેથી નવરાત્રી અને દશેરા અંગે બળજબરીથી પૈસા ઉઘરાવવા નહી અથવા બીજા કોઇ ઇરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ અથવા વાહનો રોક્વા નહી.નવરાત્રીની ઉજવણી દરમ્યાન કોઇ અશ્લિલ અરૂચીકર કે ત્રાસદાયક દેખાય તેવા કૃત્યો કરવા નહી.

ઉપરોક્ત હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જે ગુન્હો ગૃહ વિભાગના જાહેરનામા ક્ર:- જીજી/૩૬૫/એસીબી-૧/સીએલએ/૧૦૮૯/૧૯૭૨૬ તા:- ૧૮-૧૨-૭૯થી એક પોલીસ અધિકારનો અને બીન જામીન લાયક ગુન્હો જાહેર થયેલ છે.

આ હુકમની જાહેરાત અમદાવાદ શહેરમાં લાઉડસ્પીકર ધરાવતા વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેમજ જાહેર જગ્યાઓએ હુકમની નકલો ચોંટાડીને કરવી અને આકાશવાણી કે દુરદર્શન કેન્દ્ર પરથી જાહેરાત કરાવવી.

આજ તા:-૨૯-૦૯ -૨૦૧૬ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા

તા:- ૨૯-૦૯-૨૦૧૬
અમદાવાદ

COMMISSIONER OF POLICE
A'BAD CITY

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર